## સલામી સવારની..

*રહે વફાદાર અને તાટસ્થ્ય તોલે તોય ઘણું!*
*નિખાલ રહી નિષ્પાપ દિલ ખોલે તોય ઘણું!*
*ડોલે વિશ્વસનીયતા નાપાક ઝંડાધારીઓની -*
*'નમક' ખાનારા 'માતાની જય' બોલે તોય ઘણું!!*
*(... વિશ્વ બોલશે..?!)*



### સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

**હાઈકુ**

*અંધશ્રદ્ધાનું - સળગ્યું દારૂખાનું, આસ્થા ભડચું!! (કેરલા દુર્ઘટના)*

*સંઘ મેદાને, પહોંચ્યા બેટધર - બેટીંગ શરૂ... (બહુ ફિલ્ડીંગ ભરી...)*

### ચિંતન

**પિબન્તિ નદ્યઃ સ્વયમેવ નાંભઃ**
**સ્વયં ન ખાદન્તિ ફલાનિ વૃક્ષાઃ ।**
**નાદન્તિ સષ્યં ખલુ વારિવાહઃ**
**પરોપકારાય સતાં વિભૂતયઃ ॥**

'નદી પોતે, જાતે પોતાનું પાણી પીતી નથી - વૃક્ષો જાતે જ પોતાનાં ફળ ખાતાં નથી, મેઘ, વાદળ વરસાદ પોતે ઉગાડેલાં અન્નનું ભોજન કરતાં નથી. આ બધા જ પ્રકૃત્તિનાં તત્ત્વો, જન સમાજની જરૂર માટે જ પરિશ્રમ કરે છે. લોકસેવા જ કરે છે. ખરેખર સજ્જનોની સંપત્તિ, જનસમૂહની સેવા અર્થે જ હોય છે.'

અહીં પ્રાકૃતિક તત્ત્વો, જનસમૂહની સેવા કરે છે એવું દૃષ્ટાંત આપી, સજ્જન અને ધનિક લોકોએ પોતાની સંપત્તિનો ઉપયોગ માત્ર પોતાના સુખ-સગવડ માટે નહીં પણ જરૂરિયાતમંદ લોકસમાજ માટે જ કરવો જોઈએ.

### સુવિચાર

- સન્માનથી, તમામ ખિતાબોથી વિશેષ, નાનકડી એક ખુશી જે મથામણ વગર મળી - **રઈશ મણીયાર**
- માણસ માત્રને સંગાથ જોઈએ છે, પછી ભલે ને તે એક બળતી મીણબત્તીનો હોય - **અરબી કહેવત**
- માણસ દોષિત હોય એનો વાંધો નહિ, એ દૂષિત ન હોવો જોઈએ, મનનો મેલો ન હોવો જોઈએ - **ચંદ્રકાન્ત બક્ષી**
- સરખામણી નહીં તો જીંદગી અળખામણી નહિં - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારી વિદ્વતાને એકબાજુ પર મૂકી દો અને તમારી જાતને ચિંતાના ચક્કરમાંથી સદાને માટે મુક્ત કરો - **મકરંદ દવે**
- માન હોય કે અપમાન માને સમાન તે 'મહાન' - **વિનોબા**
- જે ઘરે સ્વીટ થાળીમાં નહિ પણ કાનમાં પિરસાય તે 'સ્વીટ હોમ' - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ૧ ગ્રામ લવિંગ ૩ ગ્રામ હરડે મેળવી ઉકાળો કરી સિંધવ મીઠું નાખી પીવાથી અજીર્ણમાં રાહત થાય છે (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કરવેરા, અને મોટી મોટી ખોટી યોજનાઓ બૂલેટ-મેટ્રોનાં ગતિશીલ સપનાં પ્રજાને પાયમાલ ન કરી નાખે તો સારું! ઘણીવાર પ્રધાનમંડળમાં વિદ્વાન પ્રધાન-સલાહકારો ન હોય તો દેશ પાયમાલ થાય છે.

એક રાજા પ્રજા વિરોધી હતો. કરવેરો-શોષણ અને ઓછા માણસોથી વહીવટ ચલાવી તંત્ર અને પ્રજાને પાયમાલ કરતો - લોકો વતન છોડી દેશ-પરદેશ જવા લાગ્યાં. ગામડાં ખેતી વિના ઉજ્જડ થવા લાગ્યાં.

રાજાનો પ્રધાન બુદ્ધિશાળી હતો. ઘુવડની ભાષા જાણતો હતો. રાજા-પ્રધાન એકવાર ઉજ્જડ ગામમાંથી પસાર થતા હતા. બે ઘુવડ વાતો કરતાં હતાં - રાજાએ પ્રધાનને પૂછ્યું આ બે ઘુવડ શું વાત કરે છે?

પ્રધાન કહે - મહારાજ સાંભળવા જેવું નથી... રાજાએ આગ્રહ કર્યો...

પ્રધાન કહે - ડાબી બાજુ બેઠેલું ઘુવડ વર પક્ષ છે. જમણીબાજુનું કન્યાપક્ષનો બાપ છે - વરપક્ષ વાળો ઘુવડ - દહેજમાં બાકી રહેલા વીસ ઉજ્જડ ગામની ઉઘરાણી કરે છે; કન્યાપક્ષવાળાએ આપણને બતાવીને કહ્યું, આ રાજા છે ત્યાં સુધીમાં બીજા ચાલીસ ગામ ઉજ્જડ થઈ જશે - હજી એક-બે બજેટ જવા દો!

રાજા, પ્રધાનજીનો ઈસારો સમજી ગયો...

# આસામમાં જંગી મતદાન પરિમાણો બદલશે

### તંત્રીસ્થાનેથી...

આસામની વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ અને ભાજપ - બેઉ માટે જીવ સટોસટની લડાઈ બની રહી છે. ક્યારેક ન નોંધાયું હોય એવું બમ્પર વોટિંગ બીજા તબક્કાની ૬૧ બેઠકોમાં નોંધાયું એ દર્શાવે છે કે બેઉ મુખ્ય રાષ્ટ્રીય પક્ષો ઉપરાંત મુસ્લિન નેતાએ ઊભી કરેલી પ્રાદેશિક પાર્ટીએ અને ક્યારેક આસામમાં વિદ્યાર્થીઓનું રાજ લાવનાર આસામ ગણ પરિષદ જેવા પક્ષે આ ચૂંટણીને પ્રતિષ્ઠાની ચૂંટણી બનાવી દીધી છે. કોંગ્રેસના સળંગ પંદર વર્ષના એક ચક્રી શાસન સામે એન્ટિ ઈન્કમ્બન્સી ફેક્ટર પણ મોટા પ્રમાણમાં જોવા મળ્યો છે. મુખ્યમંત્રી તરૂણ ગોગોઈને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે દેશના સૌથી મોટા ભ્રષ્ટાચારી મુખ્યમંત્રી ગણાવ્યા છે. બીજી તરફ ગોગોઈના સાથીદારો એક પછી એક એમને છોડીને ભાજપ સાથે જોડાતાં કોંગ્રેસ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જવા પામી છે. ચૂંટણી પતી ગઈ છે અને કડવાશ રહી ગઈ છે. તમામ મૂલ્યો નેવે મૂકીને વડાપ્રધાન સહિત બધા જ આગેવાનોએ આક્ષેપબાજી કરવાના તમામ વિક્રમો તોડી નાખ્યા છે. વડાપ્રધાને વિકાસનો મુદ્દે લઈને આસામની પ્રજાને લોભાવી છે. હજી દેશના વિકાસ પુરુષ તરીકેની એમની ઈમેજ અકબંધ છે અને પ્રજા પણ સમજે છે કે રાજયના વિકાસ માટે કેન્દ્રનો સાથ જરુરી છે. વડાપ્રધાને આસામની ચૂંટણી જીવતા માટે એક તરફ વડાપ્રધાનનું વિકાસ કાર્ડ છે, બીજી તરફ બાંગ્લાદેશી મુસ્લિમોની ઘુસણખોરીથી આખી ડેમોગ્રાફી બદલાઈ રહી હોવાની દહેશત ફેલાવી બહુમતી વર્ગનું ધ્રુવીકરણ કરવાની વ્યૂહ રચના છે, ત્રીજી તરફ રાજયોની ચૂંટણીમાં એકલો વડાપ્રધાનનો ચહેરો કારગત નહીં નીવડતો હોવાની દિલ્હી અને બિહારની શીખ છે - જેથી અહીં કોંગ્રેસના વયોવૃદ્ધ નેતા સામે આસામના યુવા સાંસદ અને કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલને મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યા છે. મોદીએ આ ત્રિપાંખિયો વ્યૂહ અજમાવી ઉત્તરપૂર્વના આ સૌથી મહત્ત્વના રાજયમાં ભાજપનું શાસન સ્થાપવાનું મિશન હાથ ધર્યુ છે. બ્રહ્મપુત્ર જેવા મહાનદ છતાં આસામ તરસ્યું છે. અહીં દિલ્હીના 'રિમોટ કંટ્રોલ' વાળી સરકાર ચાલે છે અને જયાં સુધી વિકાસની આશા ન રાખી શકાય એવી આક્ષેપબાજી કરનારા વડાપ્રધાન એમની પાર્ટીના મુખ્યમંત્રીઓને કેટલો છૂટો દોર આપે છે તે સર્વવિદિત છે. ગોગોઈને રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની જાહેરસભાઓ કરવી પડે છે, એની સામે પણ મોદીએ પ્રશ્નો ઊભા કર્યા છે. અલબત્ત, ગોગોઈ માટે જ નહીં, આ ચૂંટણી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે પ્રતિષ્ઠાની ચૂંટણી બની રહેલ છે. વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ આસામમાંથી જ રાજયસભામાં ચૂંટાયા રહ્યા હોઈ આ ચૂંટણી કોંગ્રેસમાં એમના વજૂદ માટેય વિશેષ મહત્ત્વની બની રહેશે, પૂર્વોત્તરમાં અરૂણાચલની કોંગ્રેસ સરકારને ઊથલાવી પાડવામાં ભાજપ અને કેન્દ્ર સરકારને ધારી સફળતા સાંપડી છે અને ઉત્તરાખંડમાં પણ એ જ રીતરસમ અપનાવી કોંગ્રેસ સરકારને ઘર ભેગી કરી રાષ્ટ્રપતિ શાસન લાદી દેવાયું છે - પરંતુ આસામ સહિતનાં ચૂંટણીગ્રસ્ત રાજયોની પ્રજામાં એથી ભાજપના કાવાદાવા ખુલ્લાં પડતાં ઓછાવત્તા પ્રમાણમાં રોષ પણ પ્રવર્તી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં ગોગોઈને માટે સત્તા ટકાવી રાખવાનું કામ ઘણું કપરું લાગે છે. જો કે એમણે કોંગ્રેસની વોટબેંક તરીકે સાચવી રાખેલ મુસ્લિમ મતદારોમાં ભંગાણ પાડવા માટે ત્રીજો પ્રાદેશિક પક્ષ રાતોરાત સક્રિય બન્યો છે, તેમાં પણ વડાપ્રધાન મોદી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની કળા કારીગરી જ કારણભૂત લાગે છે. હિંદુ વોટ બેંકનું ધ્રુવીકરણ થતું જોઈ પ્રાદેશિક મુસ્લિમ પાર્ટીએ સોનિયા ગાંધી ટેકો માગશે તો કોંગ્રેસની સરકાર રચવા માટે ટેકો આપવાની જાહેરા કરી છે. જો કે મુસ્લિમ મતોમાં ભંગાણ ન પડે એ માટે કોંગ્રેસનાં અધ્યક્ષાએ બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે કોંગ્રેસ એના પોતાના બળ પર જ આસામમાં ચોથી ટર્મ માટે સત્તા પર આવી શકે એમ છે. એને કોઈની સાથે સમાધાન કરવાની જરૂર નહીં પડે. ત્યારે ભાજપ માટે તો આસામ એ નવું જ રણમેદાન હોઈ ગઠબંધનનું રાજકારણ કર્યા વગર છૂટકો જ ન હતો. હાંસિયે ધકેલાઈ ગયેલ પ્રફુલ્લ કુમાર મહંતોની આસામ ગણ પરિષદ સાથે બેઠકોની ગોઠવણ કરીને ચૂંટણી જંગમાં ઊતરેલ ભાજપ જો બહુમતી મેળવવામાં સફળ થશે તો તે મોદીની કરિશ્માનો વિજય લેખાશે અને આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીથી લઈ ૨૦૧૯માં આવકાર લોકસભાની ચૂંટણી પર્યંત એની પોઝિટિવ અસર ભાજપની વિજયકૂચને બળ પૂરું પાડશે. પરંતુ જો ગોગોઈ સત્તા જાળવી રાખવામાં સફળ થશે તો મોદીને બિહાર કરતાં પણ વધુ મોટો ધક્કો લાગશે, તે પણ એટલું જ સાચું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામનાં અધિષ્ઠાત્રી દેવી કામાખ્યાની શક્તિપીઠ ખાતે પૂજા-અર્ચના કરીને એમની શ્રદ્ધાનો પરિચય કરાવ્યો છે, અને ચાના બગીચાના ગુજરાતી માલિકો તથા મારવાડી વેપારીઓ તો શરુથી જ એમની તરફેણમાં છે. જો કે બમ્પર વોટિંગ ફક્ત ભાજપની જ તરફેણમાં થયું છે એમ માનવું વધું પડતું લેખાશે. બાંગ્લાદેશી મુસ્લિમ સહિત કોંગ્રેસની વોટબેંક ગણાતી પ્રજાએ પણ અસ્તિત્વની લડાઈ હોય એમ ભારે વોટિંગ કર્યુ જ છે. વળી તરૂણ ગોગોઈએ ચાલું ચૂંટણીએ પત્રકાર પરિષદ સંબોધીને એમનો આક્રોશ પ્રગટ કરવો પડ્યો છે, તે પણ સૂચક છે.

# બિઝી એન્ડ ફ્રી ટાઈમ ફોર રિલેશન




અંગ્રેજી નવલકથાકાર જેફ્રી આર્ચરે લખ્યું છે કે ''માણસને સંબંધનું મૂલ્ય ત્યારે થાય છે કે જ્યારે સંબંધ તમારા હાથમાંથી સરી જાય છે. સમય અને સંબંધ બેઉ ટાઈમ મશીનમાં ભરેલી સરી જતી રેતી જેમ છે. કીપ સેફ. જસ્ટ લાઈક રેડિયમ.''

સાચી વાત છે. સંબંધ હાથમાં રાખેલા પારા જેવો છે, એને સાચવીને રાખો. હાથમાંથી પારો નીચે પડી જશે પછી તેને એકઠો કરી શકાય નહીં, સંબંધ પણ પારા જેવો છે. કિંમતી છે અને કાચ જેવો નાજુક પણ છે. સંબંધમાં તિરાડ અથવા અવકાશ પડી જાય પછી ન તો તિરાડ સાંધી શકાય, ન તો અવકાશ યા ગેપ પુરી શકાય.

સંબંધ ભલે પ્રિયતમ અને પ્રિયતમા વચ્ચેનો હોય અથવા કોઈ પણ પ્રકારનો સંબંધ હોય. દરેક સંબંધને સાચવીને રાખવો પડે, સંભાળીને રાખવો પડે. દરેક સંબંધની સંભાળ લેવી પડે. સંભાળ યાને કેર યા કાળજી ન લેવામાં આવે તો? ક્રોકરી અથવા કાચનાં વાસણના પેકિંગ ઉપર હંમેશા વાંચવા મળે: ''હેન્ડલ વિથ કેર''

એક સરસ મજાની ગુજરાતી કહેવત છે: ''મન, મોતી ને કાચ, તૂટ્યા પછી કદી'ય ન

**સંબંધમાં સમય આપવો અને મળવું એ વાત રિલેશનશીપ માટે ઓક્સિજનનું કામ કરે છે, જો તમારી પાસે સમય છે ત્યારે તમે સંબંધ માટે સમય આપો છો, એના કરતા તમારી પાસે સમય નથી આમ છતા સમય ફાળવીને સંબંધ માટે સમય ફાળવો છો, એ વધારે મહત્વનું અને અગત્યનું પરિબળ છે**

સંધાય.'' મન હોય, મોતી હોય કે કાચ હોય, તૂટ્યા પછી જોડવા જાઓ ત્યાં (૧) ટાંકો, (૨) સાંધો, (૩) રેણ દેખાશે જ. મનનું વાસણ ભલે કદાચ તૂટે નહીં, પણ ગોબો તો પડી જ જાય. મનને તૂટ્યા પછી જોડો ત્યારે પ્રથમના જેવી ઉષ્મા-સુષ્મા નહીં અનુભવી શકો. સંબંધમાં ગાંઠ પડી જાય પછી ઉકેલી શકાતી નથી. સંબંધની દોરી પૂર્વવત્ ન જ થઈ શકે.

ઘણા બધા ક્વોટ્સ આપણે વાંચીએ છીએ: ''સમય જોઈને સંબંધ રાખે એના કરતા સંબંધ જોઈને સમય આપે એ જ સાચો સંબંધ.'' અને ''સમય એને આપો, જેને તમારા સંબંધની અને સમયની કદર છે.'' સંબંધ અંગે બીજો પણ એક ક્વોટ છે કે ''સંબંધના છોડને કાળજી, હૂંફ, લાગણી અને સમયનું ખાતર-પાણી નિયમિત રીતે આપવું જોઈએ, નહીં તો એ છોડ મુરઝાઈ જશે, કરમાઈ જશે.'' હિન્દીમાં પણ સંબંધ સાચવવાની વાત આ રીતે કહેવામાં આવી છે કે ''મિલના જરુરી હે, રિશ્તે બચાને કે લિયે, લગાકર ભૂલ જાને સે તો પૌધે ભી સૂખ જાતે હે''

બિઝી એન્ડ ફ્રી ટાઈમ ફોર રિલેશન. આ વાત પણ કરીએ. સંબંધમાં સમય આપવો અને મળવું એ વાત જ રિલેશનશીપ માટે ઓક્સિજનનું કામ કરે છે. જો તમારી પાસે સમય છે ત્યારે તમે સંબંધ માટે સમય આપો છો, એના કરતા તમારી પાસે સમય નથી આમ છતા સમય

અનુસંધાન પાના નં. ૭ પર

# 'સૉરી, પપ્પા - હું તમારાં સપનાને પુરું કરી ન શક્યો, તેથી જાઉં છું, મમ્મીનું ધ્યાન રાખજો, મારી દુનિયા ઉજડી ગઈ

હું કેટલો બદનસીબ છું કે મારા એકના એક દીકરાને મારી મહત્ત્વાકાંક્ષાને કારણે ખોઈ બેઠો. મને જો એવી ખબર હોત તો હું ક્યારેય તેને આઈ.એ.એસ. બનવાનું ન કહેત. મારી પત્ની તો રોઈ રોઈ ને અડધી થઈ ગઈ છે. તેના આંસુ અને હીબકા અટકવાનું નામ લેતાં નથી. સાચું કહું તો માંની મમતાને આજ સુધી કોઈ સમજી શક્યું નથી.

હું મારા દીકરાને આઈ.એ.એસ. અધિકારી બનાવવાનાં સપનાં જોતો હતો. તે માટે મેં શરુથી જ તેના અભ્યાસ પર ધ્યાન આપેલું. સારી સ્કૂલ, સારા ટીચર્સથી સારું ભણી શકાય એવું હું માનતો હતો. તેથી સારી સ્કૂલમાં મેં તેનું એડમિશન કરાવ્યું. મારો દીકરો પણ કુશાગ્ર બુદ્ધિનો હતો, તે ખુબ મહેનતપૂર્વક અભ્યાસ કરતો હતો. તે દરેક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં કે ક્યારેય ક્યારેક મેરીટમાં પાસ થતો હતો. તેથી હું ખુબ ખુશ હતો.

મેં દીકરાને દરેક પ્રકારની સુખ-સુવિધાઓ પુરી પાડી હતી. પણ અભ્યાસની બાબતમાં મારું વલણ કડક હતું. આમ પણ મારું જીવન એવું જ હતું. કેમ કે હું આર્મી ઓફિસર હતો. શિસ્ત અને નિયમિતતા મારી આદત હતી તેથી સ્વભાવે કડક લાગું ખરો પણ દીકરા માટે એ વાત ક્યારેય બાધક બનવા દીધી નથી. હું જ્યારે ડ્યુટી પર હોઉં ત્યારે પત્ની અને દીકરો ઘેર રહેતા અને પોતાનું કામ કરતાં રહેતા. હું જ્યારે રજા લઈ ઘેર આવતો ત્યારે ત્રણે પરસ્પર વાતો કરતાં અને ક્યાંક ને ક્યાંક ફરવા નીકળી પડતા. હું હંમેશા તેને કહેતો, 'બેટા, અજય તારે મોટા થઈને આઈ.એ.એસ. ઓફિસર બનવાનું છે.'

તે ખુશ થઈને કહેતો 'હા, પપ્પા, હું આઈ.એ.એસ. ઓફિસર બની તમારું સપનું જરુરથી પુરું કરીશ.' એકવાર અજય પરીક્ષાના દિવસોમાં બિમાર થઈ ગયેલો ત્યારે મને ખુબ ચિંતા થયેલી. પત્નીને તેની દેખરેખ બાબતે પુછ્યા કરતો. તે એક અઠવાડિયા સુધી બિમાર રહ્યો અને બહુ મુશ્કેલીથી પરીક્ષા વખતે સાજો થયો. મારી પત્ની મારી ભાવનાને સારી રીતે સમજતી હતી. તેથી તે કોઈ પણ પ્રકારનું રીસ્ક માંગતી ન હતી. અમારા ફેમીલી ડૉકટરે દીકરાને સાજો કરી દીધો. પરંતુ સલાહ આપતા કહેલું કે 'દીકરા પર કોઈ પણ પ્રકારનું માનસિક દબાણ ન નાંખતા.'

ડૉકટરની આ વાત સાંભળી હું ધ્રુજી ગયો. મને મારું સપનું રોળાતું લાગ્યું છતાં હું હિંમત ન હાર્યો. અને તેની સારામાં સારી સારવારમાં કોઈ પ્રકારની કસર ન રાખી. છેવટે તો એ મારો એકનો એક દીકરો હતો ને! હું તેને કોઈ પણ રીતે આઈ.એ.એસ. ઓફિસર બનતાં જોવા માંગતો હતો. મારી પોસ્ટીંગ બોર્ડર પર થઈ ગઈ ત્યારે મારા કુટુંબ સાથે સંપર્ક થોડા દિવસ માટે તૂટી ગયો. સીમા પર અવારનવાર ગોળીબાર થતા રહેતા હતા. એ હાલતમાં ઘરના સમાચાર બહુ મુશ્કેલીથી હું મેળવી શકતો. છતાં મને વિશ્વાસ હતો કે મારી પત્ની અને દીકરો અજય મારું ધ્યેય પુરું કરવામાં લાગેલા જ હશે.

જ્યારે અજયે ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન મેરીટમાં સફળતાપૂર્વક કર્યું ત્યારે મારી ખુશીને પાર ન હતો. મને પુરેપુરો વિશ્વાસ બેસી ગયો કે દીકરો આઈ.એ.એસ. ઓફિસર બની મારું સપનું અવશ્ય પુરું કરશે. સમય ઝડપથી પસાર થઈ રહ્યો હતો. અજય મોટો થઈ રહ્યો હતો. સમજુ પણ. તે પણ બસ એ જ વિચારતો હતો કે મારે મોટા થઈ પપ્પાનું સપનું પુરું કરવું છે. એવા દીકરા બહુ ઓછા હોય છે જે પપ્પાના કહ્યા મુજબ ચાલે અને પોતાના પપ્પાના સપનાં પુરાં કરે. આ બાબતમાં હું ખુબ નસીબદાર હતો. મારા દીકરો મારી આશા અને આકાંક્ષાઓ પુરી કરાવામાં લાગી ગયેલો.

જ્યારે અજય આઈ.એ.એસ.ની પરીક્ષામાં બેઠો ત્યારે તેની પીઠ થાબડી મેં તેને આશીર્વાદ આપ્યા. 'બેટા, પરીક્ષામાં તું જરુરથી સફળ થઈશ.'

અજયે મારા ચરણસ્પર્શ કરી કહેલું પણ ખરું 'હાં પપ્પા, તમારું સપનું પુરું કરવામાં હું કોઈ પ્રકારની કમી નહીં રાખું' મારી આંખો ખુશીથી છલકાવા લાગી. પણ હું ફૌજી હતો તેથી સાચવી લીધું. મારી પત્ની એ પણ દીકરાને આશીર્વાદ આપ્યા. અમે બંને તેને પરીક્ષાભવનના ગેટ સુધી મુકવા ગયેલા. અજયે ખુબ અભ્યાસ કરેલો તેથી તેનાં પેપરો બધાં સારા ગયેલાં. તે પણ ખુશ હતો. તેની ખુશીમાં જ અમારી ખુશી હતી. રિઝલ્ટ આવ્યું તો એ પાસ થઈ ગયો. જેવું તેણે ઈન્ટરનેટમાં રિઝલ્ટ જોયું કે તે ખુશીનો માર્યો ઉછળી પડ્યો. તેણે ત્યાંથી જ મોબાઈલ પર જણાવ્યું એટલે અમે પણ ખુબ ખુશ થયાં. અજય ઘેર આવ્યો ત્યારે તેનું મોં મીઠું કરાવ્યું અને શાબાશી આપી. તેની ખુશી ખરેખર જોવા લાયક હતી.

હવે અજય ઈન્ટરવ્યુની તૈયારીમાં લાગી ગયો. એણે એક કોચિંગ કલાસ પણ જોઈન્ટ કરી લીધો હતો. તે રાત દિવસ પોતાના અભ્યાસમાં લાગી ગયો હતો. હું ક્યારેક રજાઓમાં જ ઘેર આવી શકતો હતો. પણ વાતચીત કરતો રહેતો. પત્ની દ્વારા બધું જાળવા મળી જતું. જયોર ઈન્ટરવ્યુ થવાનો હતો ત્યારે તે જરા ટેન્શનમાં દેખાવા લાગ્યો હતો. તે સ્વાભાવિક પણ હતું. પણ અમે પતિપત્ની હિંમત વધારતાં, જે દિવસે તેનો ઈન્ટરવ્યુ હતો તે દિવસે તે જરા નર્વસ હતો. પણ મેં તેને વિશ્વાસ આપ્યો કે તું જરુરથી સફળ થઈશ. ચિંતા ન કર... આ સાંભળી તેની હિંમત વધી અને ચરણસ્પર્શ કરી ઈન્ટરવ્યુ આપવા ચાલી નીકળ્યો.




સાંજે જ્યારે ઘરે આવ્યો ત્યારે તેના ચહેરા પર ખુશીની ઝલક હતી. હું સમજી ગયો કે અજયનો ઈન્ટરવ્યુ સારો ગયો છે. જ્યારે તેણે ઈન્ટરવ્યુ બાબતે જણાવ્યું તો અમે બંને ખુબ શુખ થયા. સાંજે અમે બહાર હોટલમાં જમવા ગયા. હવે રીઝલ્ટની રાહ જોવાની હતી. અજયની સાથોસાથ મને પણ ભરોસો હતો કે તેનો રિટર્ન ટેસ્ટ સારો ગયો. ઈન્ટરવ્યુ પણ સરસ રહ્યો છે તો હવે એ તો નક્કી જ છે કે આઈ.એ.એસ.માં તેની પસંદગી થશે.

જે દિવસે રિઝલ્ટ આવવાનું હતું તે દિવસે એ બેચેન લાગતો હતો. ઈન્ટરનેટ, સાઈબરકૅફે બધે ભીડ હતી. બધાં પોતાના રિઝલ્ટની બેચેનીથી રાહ જોતા હતી. અજય પણ સવારથી ઘેરથી નીકળી ગયો હતો. સાંજ સુધીમાં રિઝલ્ટ આવી ગયું. અમને ખબર પડી એટલે હું પણ મારી રીતે જાળવા ચાલ્યા ગયો. જ્યારે મેં અજયનું નામ ન જોયું તો મને ફાળ પડી. તેનું નામ કે રોલ નંબર કંઈ મળતું ન હતું. મને ખુબ આશ્ચર્ય થયું. આવું કંઈ રીતે બને. મેં અજયનો મોબાઈલ લગાવ્યો તો એ સ્વીચ ઑફ આવતો હતો. હું નિરાશ અને ઉદાસ થઈ ઘેર આવ્યો અને પત્નીને કહ્યું, તેણે કહ્યું કે કદાચ તેનું વેઈટીંગ લીસ્ટમાં નામ હશે. પણ મેં કહ્યું કે એમાં પણ નથી. કંઈ સમજ પડતી નથી. અજયનો મોબાઈલ પણ લાગતો ન હતો. હવે રાતના આઠ વાગ્યા છતાં અજય ઘેર પાછો ન ફરતાં અમને બંને ને ચિંતા શરુ થઈ. સમય જેમ જેમ વિતતો ગયો તેમ અમારી ગભરામણ વધતી જતી હતી. રાતના દસ વાગ્યા હશે ત્યાં અચાનક મારા મોબાઈલમાં રીંગ વાગી. મેં તરત મોબાઈલ ઉઠાવીને જોયું. એમ થયું કે અજય નો જ હશે.

અનુસંધાન પાના નં. ૭ પર

# ઈજ્જત કી રોટી...!! જયાં જરૂરત હોય સહાયની, એ ત્યાં જ દયાની ભીખ માંગ્યા કરે...!!

૫.૩૦ ની હોલિડે એક્સપ્રેસ ટ્રેન પકડવા દોડાદોડી કરતા ૫.૧૫ વાગે સંતોષભાઈ પરિવાર સાથે સ્ટેશનમાં એન્ટર થયાં, જોયું તો એક નંબરના પ્લેટફોર્મ પર ટ્રેન આવેલી નહોતી...

બાળકોની બોર્ડની પરિક્ષા પતે એટલે ગોવા ફરવા જવાના પ્લાનિંગ સાથે જાન્યુઆરીમાં જ અમદાવાદ-ગોવાની ટિકીટો બુક કરાવી રાખેલી...

... રણકતા અવાજમાં એનાઉન્સમેન્ટ થયું અને ૫.૩૦ની ગાડી ૬.૩૦ વાગે આવશે એવું સાંભળતા પરસેવો લૂંછતા બધાં વેઈટીંગરૂમ બાજું વળી ગયા...

૫.૩૦ ની ટ્રેન પછી તો કલાક-કલાકની મુદત પાડતી ચાલી (કોર્ટમાં તારીખ પડે ને એમ જ), સંતોષભાઈ અકળાતા હતાં જો ટ્રેન સમયસર હોત અને તેઓ મોડાં પડ્યા હોત તો ટ્રેન રાહ જોવાની હતી? પણ અહીં તો જખ મરાવીને બેસવાનું, કોઈ બીજો વિકલ્પ જ નહીં!

વેઈટીંગ રૂમમાં બાકડાં પર લાંબા થઈને પડેલાં પ્રવાસીઓ, ત્રણમાંથી એક જ ચાર્જિંગ પ્લગ ચાલતી સ્વીચ બોર્ડ, ગરમ હવા ફેંકતા પંખાઓ, મગફળી ખાઈને ફેંકેલા છોતરાં, ખુરશી પર માણસની જગ્યાએ ગોઠવાયેલો સામાન... સાલું કયાં કયાં માથાકુટ કરવાની ??

તપેલા અને ફરેલા મગજને ટાઢક આપવા છોકરો ફરી એક કોલ્ડિંગ્સની બોટલ લઈ આવ્યો અને વાંચવા માટે પેપર પણ, બાળકોને પણ ખબર કે પપ્પા જેટલાં વ્યસ્ત રહે એટલું સારું નહીં તો નાના પાટેકર બનતાં વાર નહીં!!

પાકીટમાં રહેલી ટિકીટ ચેક કરીને પાકીટ ખિસ્સામાં મુકે ત્યાં તો એક ફાટેલી ચડ્ડી વાળો નાનો છોકરો પગે લાગીને ભીખ માંગવા લાગ્યો. 'ચલ ભાગ બે' સંતોષભાઈ કંઈ બોલે એ પહેલાં પેલા પેપરના ફેરિયાએ એને ભગાડ્યો... એ જાય ત્યાં તો એક છોકરી અને એનો ભાઈ વાટકામાં લક્ષ્મીનો ફોટો લઈને એમાં રહેલું કંકુ બધાંને કપાળે લગાડી પૈસા માંગતા હતાં... સાલું વાટકામાં લક્ષ્મી અને તોય 'લક્ષ્મી' માટે ભીખ માંગવી પડે?

> **તને ચાહી એવી કે પંડિત થવાનું,**
> **અહીં મારે અઘરું, છે સ્થાપિત થવાનું**
> **અહીં પ્રશ્ન ઉભો છે અસ્તિત્વનો, ને**
> **ઉપરથી વળી મારે સાબિત થવાનું ?!**
> **- પ્રજ્ઞા દી. વશી (સુરત)**

૫.૩૦ વાળી ગાડી એકાદા ફંકશનમાં પધારનારાં નેતાની જેમ તડપાવીને છેક આઠ વાગે પાટે ચઢી... હોલિડે એક્સપ્રેસ એકદમ પૅક હતી, સંતોષભાઈએ એમનો સામાન બેગ ગોઠવી દીધી, નાસ્તાના ડબ્બા, વૉટર બૅગ, રાત્રે લાગનારો સામાન હાથવગો કરી લીધો, બુટ ઉતારીને સ્લિપર પહેરી લીધી... બધું સેટીંગ ચાલતું હતું એટલામાં આગળના કંપાર્ટમેન્ટમાંથી એક માણસ ઘૂંટણ પર ઘસડાતો આવતો હતો, એનો વેષ, દાઢી અને વાળ જોઈ સાધારણપણે ૪૦ની આસપાસનો હોય એવું લાગતું હતું...

એ દરેક સીટ નીચે વાંકો વળીને હાથમાં રહેલી તુટેલી સાવરણીથી કચરો વાળતો હતો, પ્લાસ્ટિકના ટૂકડાથી કચરો ભેગો કરી, હાથમાં રહેલા શર્ટના કપડાંથી બધો કચરો આગળ ધકેલી દરવાજા તરફ જતો હતો... સંતોષભાઈના કંપાર્ટમેન્ટમાં સંતરાની છાલ, બિસ્કીટનાં રૅપર, દાળવડાંનાં મરચાં જેવો કચરો ડોકાતો હતો. એમની સામેની સીટ પર બે પુરુષ અને એક સ્ત્રી પેસેન્જર એમની વાતોમાં મશગુલ હતાં અને કચરો વાળવા એમનાં પગ ઉપર લેવાની તસ્દી પણ લેતાં નહોતા...

'સાહબજી પાંવ હટાઈએ, ઉસે સાફ કરને દો' કહીને પગ ઉપર લેવડાવી પેલા અપંગ સફાઈ કામદાર કહો કે ભિખારી કહો ને સંતોષભાઈએ મદદ કરી આપી. પેલાં ભાઈએ એટલી જ તલ્લીનતાથી બધો જ કચરો સાફ કરી નાંખ્યો, અને આગળના કંપાર્ટમેન્ટમાં જતાં પહેલાં કપાળે બાઝેલા પરસેવાને લૂંછતાં બંને બાજુની બર્થ પરના પેસેન્જર સમક્ષ હાથ લંબાવ્યો...



હજી થોડીવાર પહેલાં જે જગ્યાએ પગ મુકી શકાય એમ ન હતો ત્યાં એકદમ ચોખ્ખું ચણાક હતું. સંતોષભાઈએ તરત જ ખિસ્સામાંથી દસની નોટ કાઢીને આપી, 'ભૈયા, આપને બહોત અચ્છા કામ કીયા હૈ, મહેનત સે મિલા એક રૂપિયા ભી આપકી ઈજ્જત કી કમાઈ હૈ, ધન્યવાદ.'

એને કદાચ ભાષા સમજાઈ નહોતી પણ એના ચહેરા પર જે ભાવ અને હાસ્ય પરિસ્થિતિનો આનંદ વ્યક્ત કરતો હતો. એ ત્યાંથી નીકળી ગયો, ફરી પાછો આગળની સફાઈ કરવાં...




'હું એને એક બિસ્કીટનું પૅકેટ આપી આવું?' સંતોષભાઈના શ્રીમતી બોલ્યાં. જલ્દી ઉપડ... એનું લગભગ કામ પતાવી એ ગાડીની બહાર એની ઠેલણગાડી લઈ ઉતરવાની તૈયારી જ કરતો હતો. ગાડીને ગ્રીન સિગ્નલ મળી ચૂક્યું હતું. બહેન ફટાફટ એને બિસ્કીટનું પેકેટ આપીને બોલ્યાં, 'ભૈયા, ખા લેના, ભૂખ લગી હોગી ના, ગરમી ભી કિતની હૈ.' પેલાએ ફરી સ્મિત આપ્યું અને એક બગલમાં ગાડી બીજા હાથથી દરવાજાનો સળીયો પકડીને ઉતરી ગયો...

... ગાડીમાંથી ઉતરીને એની ધક્કા ગાડીમાં બેઠેલા એ પોતાની જાત સામે ઝઝૂમી મહેનત કરી ભીખ માંગી રહેલા ભૈયાની પરસેવાની ચમકી રહેલી પીઠ સમક્ષ બંને જણાં તાકી રહ્યાં હતાં...

બંને પતિ-પત્ની ટ્રેન ઉપડ્યાના એક કલાક સુધી એ સફાઈ કરીને મહેનતની કમાઈ કરી રહેલા માણસની જ વાતો કરતાં રહ્યાં... મફતની ભીખ માંગતા, હૃષ્ટપુષ્ટ ભીખારીઓ, નાના બાળકો પાસે કે સ્ત્રી પાસે ભીખ મંગાવતા ભીખારીઓ સામે પગ વગરના પગલાં પાડતાં આ ભિખારી (ખરેખર તો આને ભિખારી કહેવાય જ નહીં) મહેનતની સાચા પરસેવાની કમાણી ખાતો હતો.

ગુરુ દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા હતા. સંતોષભાઈ દત્તના ઉપાસક હતા. આજે એમણે પહેલો ગુરુ કર્યો હતો પણ સફાઈ કામદાર ભિખારીના રુપમાં... એ આમાંથી શીખ્યાં હતાં કે થોડીક કામ કરવાની ધગશ અને મહેનતની તત્પરતા હોય તો આ દુનિયામાં કોઈ પણ ક્યારેય ભૂખ્યું મરશે નહીં, ભલે બે કોળીયા ખાઈશું પણ મહેનતમાં, ઈજ્જતની રોટીના!!

ચૂંટલો :

કામ કરવાની દાનત હોય તો કામ મળે જ છે, દયાની ભીખ માંગી, હાથ જોડી, કરગરવાં કરતા કામે લાગી જાય તો ગમે તે વ્યક્તિને સંતોષ અને આત્મસન્માનનો રોટલો મળી જ રહે છે, થોડુંક પોતાની જાતને સાબિત કરો, સહાય કરવાવાળા હાજર જ હોય છે.